# પ્રકરણ - ૧૪ ગર્ભપાત અને તેની અસરો




**વિષયસૂચિ :**

**૧.૦ ગર્ભપાત કરાવવાનાં કારણો**
**૨.૦ સલામત અને બિનસલામત ગર્ભપાત**
**૩.૦ ગર્ભપાત માટેની સલામત પદ્ધતિઓ**
૩.૧ ગર્ભપાતની કાયદેસરતા
૩.૨ ગર્ભપાત કરાવવાનો નિર્ણય
**૪.૦ ગર્ભપાત દરમ્યાન શું થશે ?**
**૫.૦ ગર્ભપાત બાદ શું થશે ?**
**૬.૦ ગર્ભપાત બાદની તકલીફો**
૬.૧ ખૂબ લોહી પડવું
૬.૨ શૉક (shock) માં જવું.
૬.૩ ગર્ભપાત પછી ચેપ લાગવો
૬.૪ અંદરના અંગોમાં ઈજા (ઘા થવો)
**૭.૦ બિનસલામત ગર્ભપાત અટકાવો**

જ્યારે કોઇ સ્ત્રી ગર્ભનો નિકાલ કરાવે ત્યારે તેને ગર્ભપાત કરાવ્યો એમ કહેવાય. જ્યારે કુદરતી કારણસર આવું બને ત્યારે તેને કસૂવાવડ થઇ એમ કહીએ છીએ.

## ૧.૦ સ્ત્રીઓ કેમ ગર્ભપાત કરાવે છે ?

- ✷ તેને જોઇએ તેટલા બાળકો છે હવે બીજું બાળક નથી જોઇતું.
- ✷ સગર્ભાવસ્થાથી તેનું પોતાનું સ્વાસ્થ્ય કે જીવન જોખમમાં છે.
- ✷ તે બાળકનો ઉછેર કરી શકે તેમ નથી.
- ✷ હજી તેને ભણવાનું બાકી છે.
- ✷ બળાત્કાર થયો હોવાથી તેને ગર્ભ રહ્યો છે.
- ✷ આવનાર બાળક ખોડ-ખાંપણવાળુ આવવાનું છે.
- ✷ કોઇ તેને ગર્ભપાત કરાવવાની ફરજ પાડી રહ્યું છે.
- ✷ કુટુંબ નિયોજનની રીત (જે વાપરતા હોય તે) નિષ્ફળ જાય ત્યારે
- ✷ એક પદ્ધતિ બંધ કરે અને બીજી પદ્ધતિ શરૂ ના કરી હોય તે દરમ્યાન ગર્ભ રહે છે. જો આ બાળક નથી જોઇતું તો ગર્ભપાત કરાવવો પડે છે.



જ્યારે એકલાખ સ્ત્રીઓ સલામત ગર્ભપાત કરાવે ત્યારે એકાદ બહેનનું મરણ થઇ શકે છે.


પણ



જ્યારે એકલાખ સ્ત્રીઓ બિનસલામત રીતે ગર્ભપાત કરાવે ત્યારે લગભગ ૧૦૦-૧૦૦૦ બહેનો મરી જાય છે.

આપણા સમાજમાં દરેક દંપતિ પોતાને પુત્ર થાય એવું ઇચ્છે છે. પુત્ર લાલસા સંતોષવા માટે ઘણા અખતરા કરવામાં આવે છે. એવો એક આધુનિક અખતરો છે, ગર્ભ જાતિ પરીક્ષણ. તબીબી વિજ્ઞાનમાં ગર્ભમાં રહેલ શિશુની ગંભીર ખોડખાંપણની તપાસ કરવા માટે શોધાએલી એમ્નીયોસિન્ટેસીસ કે સોનોગ્રાફી જેવી પદ્ધતિઓનો દૂરુપયોગ કરી ગર્ભમાં રહેલ શિશુ પુત્ર છે કે પુત્રી તે જાણી લેવામાં આવે છે. જો પુત્રી ગર્ભ હોય તો તે સ્ત્રીને સામાજિક દબાણને વશ થઇ ગર્ભપાત કરાવવો પડે છે. કાયદેસર રીતે આ પ્રક્રિયામાં સંકળાયેલા ડૉક્ટર, લેબોરેટરી, પતિ, સાસરિયા કે સ્ત્રીઓ શિક્ષાને પાત્ર છે. છતાં આપણે ત્યાં આ કુરિવાજ ચાલુ રહ્યો છે. તેને માટે એક જોરદાર સામાજિક આંદોલનની જરૂર છે.

## ના જોઇતી સગર્ભાવસ્થા કેવી રીતે આવે છે ?




સગર્ભાવસ્થા કેવી રીતે આવે તેની માહિતી નથી તેથી ગર્ભ રહી જાય છે.




જ્યારે આરોગ્ય કેન્દ્ર માને છે કે બહુ નાના સ્ત્રી–પુરૂષોને ગર્ભનિરોધના સાધનો વાપરવાની છુટ ના આપવી જોઇએ. તેથી યુવાનવયે ના જોઇતા ગર્ભનો પ્રશ્ન ઉઠે છે.




જ્યારે સ્ત્રીઓને બળાત્કારનો ભોગ બનવું પડે છે, ત્યારે તેને અવાંછિત ગર્ભ રહે છે.



કુટુંબ નિયોજનની સગવડ મળીના શકે કે તેનો ઉપયોગ બરાબર ના થાય ત્યારે વણજોઇતા ગર્ભનો પ્રશ્ન ઉભો થાય છે.

## ૨.૦ સલામત અને બિનસલામત ગર્ભપાત

જો સલામત ગર્ભપાત કરાવશો તો તે બાળજન્મ કરતાં ઓછું જોખમકારક છે.

**ગર્ભપાત સલામત કહેવાય, જ્યારે –**

જાતીય રીતે સક્રિય દરેક યુગલ જો બાળક ના ઇચ્છતા હોય તો તેમણે ગર્ભનિરોધક પદ્ધતિ વાપરવી જ જોઇએ.

* તાલીમ પામેલ અને અનુભવી વ્યક્તિ/ડૉક્ટર ગર્ભપાત કરે.
* તેને માટે સાચા સાધનો વાપરે.
* યોનિમાં કે ગર્ભાશયમાં મુકવામાં આવતી દરેક વસ્તુ જંતુરહિત કરવામાં આવી હોય.
* છેલ્લા માસિકની તારીખથી ૩ માસની અંદર કરવામાં આવે.

**ગર્ભપાત બિનસલામત કહેવાય, જ્યારે –**

* તાલીમ લીધા વગરના વ્યક્તિ તે કરે,
* ખોટાં સાધનો કે દવાઓનો ઉપયોગ કરે,
* તે માટે વપરાશમાં લેવાની વસ્તુઓ જંતુરહિત ના હોય ત્યારે
* છેલ્લા માસિકની તારીખથી ૩ માસ બાદ કરવામાં આવે. (સિવાય કે આ માટે સાધનસંપન્ન હોસ્પિટલ અને તાલીમી ડૉક્ટરો દ્વારા ગર્ભપાત કરાય).



**યાદ રાખો** : પાંચ માસથી મોટો ગર્ભ પડાવવા તે ગેરકાયદેસર છે. તબીબી ભયસ્થાન ના હોય તો આવો ગર્ભપાત દવાખાના કે ગર્ભપાતના કેન્દ્રો પણ નહીં કરે.

**બિનસલામત ગર્ભપાતથી મરણ :**

આખી દુનિયામાં દર વર્ષે પાંચ કરોડથી પણ વધુ ગર્ભપાત બિનસલામત રીતે કરવામાં આવે છે. ઘણી સ્ત્રીઓ આને કારણે મરણ પામે છે કે લાંબા ગાળાના ચેપ તથા અન્ય તકલીફોથી પીડાય છે. કેટલાકને ભવિષ્યમાં બાળક પણ થતાં નથી. બધી સ્ત્રીઓને આવું ન પણ થાય છતાં નુકશાન વેઠતી સ્ત્રીઓ ઘણી છે અને નુકશાન ખૂબ ગંભીર છે તેથી આવી રીતો ક્યારેય ના અજમાવશો.

* યોનિ કે ગર્ભાશયમાં લાકડી કે સળિયા જેવી કે અન્ય અણીદાર વસ્તુ દાખલ ના કરવી તેનાથી ગર્ભાશયની કોથળી ફાટી જાય છે અને મરણ પણ થઇ શકે છે.

બાળક ના ઇચ્છતા હોય ત્યારે ગર્ભનિરોધક વાપર્યા વગર સંભોગ કરવો તદ્દન બિનજવાબદાર પગલું છે. આવી સગર્ભાવસ્થા નિવારવા ગર્ભપાત કરાવો છો ત્યારે સ્ત્રીને ઘણી તકલીફ સહન કરવી પડે છે.

* કેરોસીન, કપડા ધોવાનો બ્લીચીંગ પાવડર કે અન્ય રસાયણો યોનિમાં કે ગર્ભાશયમાં ના મૂકશો.
* દેશી દવાઓ યોનિમાં કે ગર્ભાશયમાં મૂકશો નહિ.
* કોઇ પણ દેશી કે અંગ્રેજી દવા મોટા જથ્થામાં પીવી નહીં. તેનાથી ગર્ભપાત તો નહીં થાય પણ બીજુ નુકશાન જરૂર થશે.
* પેઢા પર જોરજોરથી મારવું કે દાદર પરથી જાણી જોઇને પડવાનું પણ ના કરશો. તેનાથી બીજી ઇજાઓ થાય ને પાછળથી તમારું જીવન બરબાદ થયા જેવું ય થઇ શકે.

બિનસલામત ગર્ભપાત ના કરાવો. શક્ય હોય ત્યાં સુધી વણજોઇતું ગર્ભાધાન અટકાવો.




## ૩.૦ ગર્ભપાત માટે સલામત પદ્ધતિઓ

તાલીમી ડૉક્ટર નીચેની રીતે ગર્ભપાત કરશે.

**વેક્યુમ એસ્પીરેશન (VA) થી ગર્ભ ખેંચી કાઢવો (કોથળી સાફ કરવી).**

યોનિમાર્ગે ગર્ભાશયમાં એક ટયુબ (કેન્યુલા) મુકી તેના દ્વારા ગર્ભને ખેંચી કાઢવામાં આવે છે. જ્યારે એક ખાસ સીરીંજ લગાવીને ગર્ભ ખેંચી લેવામાં આવે તેને મેન્યુઅલ વેક્યુમ એસ્પીરેશન કહેવાય છે. કેટલીકવાર નાનકડું ઇલેક્ટ્રીક મશીન મુકીને ગર્ભ ખેંચી લેવામાં આવે છે. આ રીતે કોથળી સાફ કરવામાં આવે છે.

આ રીત સાદી અને સરળ છે. તેમાં ફક્ત ૫-૧૦ મિનિટ જ લાગે છે. તે સામાન્ય રીતે ડૉક્ટર દ્વારા આરોગ્ય કેન્દ્રમાં થાય છે. બે થી ત્રણ માસનો ગર્ભપાત આ રીતે કરી શકાય છે. તેનાથી ક્યુરેટીંગ (ડાઇલેટેશન એન્ડ ક્યુરેટેજ) કરતાં ઓછું નુકસાન થાય છે. માસિક ન આવ્યું હોય ત્યારે માસિક લાવવા માટે એસ્પીરેશન પદ્ધતિનો ઉપયોગ થાય છે.

**ડાઇલેટેશન અને ક્યુરેટેજ (ડી એન્ડ સી) થી ગર્ભ દૂર કરવો**

નાનકડી ચમચી જેવા સાધન (ક્યુરેટ) થી ગર્ભાશયની દિવાલ પર સ્થાયી થયેલો ગર્ભ દૂર કરવામાં આવે છે. ક્યુરેટ આગળથી ધારદાર હોય છે તેથી ગર્ભાશયના મુખમાં દાખલ કરતાં પહેલાં ગર્ભદ્વારને ખાસ સળિયા જેવા સાધનો (ડાયલેટર સેટ) થી પહોળું કરવામાં આવે છે. આ સમયે થોડો (સહન કરી શકાય તેવો) દુઃખાવો જરૂર થાય છે. આ રીતમાં ૧૫-૨૦ મિનિટ લાગે છે. આ પદ્ધતિમાં વેક્યુમ એસિપરેશન કરતાં દુઃખાવો વધુ થાય છે અને તેના પૈસા વધુ આપવા પડે છે. તે ઓપરેશન થીએટરમાં કરવામાં આવે છે અને તે માટે સ્ત્રીને ઘણીવાર ઘેનની દવા પણ આપવામાં આવે છે.

**દવાથી ગર્ભપાત (મેડીકલ એબોર્શન)**

> કોઇપણ દવા જાતે ના લેશો. નજીકના આરોગ્યકેન્દ્ર કે ડૉક્ટરની સલાહ પ્રમાણે કરવું.

કેટલીક દવાઓ યોનિમાં મૂકવાથી, કેટલીક દવાઓ મોંએથી લઇને કે ઇંજેક્શન દ્વારા આપવાથી ગર્ભાશયમાં સંકોચન શરૂ થાય છે ને ગર્ભ કોથળીમાંથી બહાર આવી જાય છે. આ દવાઓ હમણાં-હમણાંથી વપરાશમાં આવી છે ને કોઇક જ ડૉક્ટર તે આપે છે. છતાં જો આ દવાઓ વધુ વપરાશમાં આવશે અને તેનાથી શરીરને ઓછું નુકશાન થતું હશે તો જરૂર તે વધુ પ્રચલિત બનશે.



દવા વડે ગર્ભપાત કર્યા બાદ ગર્ભપાત પૂરેપૂરો થયો કે નહિ તેની તપાસ કરાવવી જોઇએ. અધૂરો ગર્ભપાત હશે તો એસ્પીરેશનથી કઢાવી નાંખવો પડે છે. અધૂરા ગર્ભપાતને કારણે સતત લોહી પડયા કરે, ચેપ થાય છે અને લાંબા ગાળાનું નુકશાન થાય છે. પ્રચાર માધ્યમોમાં આ દવાઓ સ્ત્રીઓને વધુ સ્વતંત્રતા આપનારી તથા તે દવાઓ વડે સ્ત્રીઓ પોતાના શરીર પર વધુ નિયંત્રણ કેળવી શકે તેવું કહેવામાં આવે છે. આ સાચું નથી. આ બધી દવાઓ વાપરવા માટે ડૉક્ટર કે આરોગ્ય કેન્દ્રમાં જવું જ પડે છે. વળી, આ દવાઓની જાણકારી અને સરળ પ્રાપ્યતા સ્ત્રીઓનું શોષણ વધારનાર બની શકે છે.

**ગર્ભપાત માટેની કેટલીક દવાઓ :**

૧. **મીફેપ્રીસ્ટોન** (R.U. 486 કે **ફ્રેંચ પીલ**) ૯ અઠવાડિયા (૨ માસ અને એક અઠવાડિયું) જેટલી સગર્ભાવસ્થા નિવારવા વાપરી શકાય છે. હાલ ભારતના બજારમાં આ દવા દાખલ કરવામાં આવી છે. આ દવા લીધા પછી સ્ત્રીને હોસ્પિટલમાં તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવે છે. બે દિવસ પછી તેને મિસોપ્રીસ્ટોલ નામની બીજી દવા આપવામાં આવે છે. આપણા દેશમાં હવે આ દવા સામાન્ય વપરાશમાં ચાલુ થયેલ છે.

૨. **મિસોપ્રીસ્ટોલ** નામની દવા પેટમાં પડેલા ચાંદાની સારવારના કામમાં આવે છે. પરંતુ તેને યોનિમાં મુકવાથી ગર્ભપાત શરૂ થઇ જાય છે. જો કે પૂરેપૂરો ગર્ભપાત નથી થતો તેથી તેની સાથે મીથોટ્રીકસેટ/મીફેપ્રીસ્ટોન નામની કેન્સરની દવા પણ લેવામાં આવે છે. આ રીત ત્રણ માસના ગર્ભ પાડવા માટે ઉપયોગમાં લેવાય છે. આ દવા બરાબર રીતે ના વપરાય તો ગર્ભાશય ફાટી જાય અને સ્ત્રી મરણ પામે.

૩. **મીથોટ્રીક્સેટ** આ એક કેન્સરની દવા છે. તેની આડઅસરો ઘણી જ છે. તેથી જ્યાં આધુનિક સાધનોથી સજ્જ હોસ્પિટલ ના હોય ત્યાં તેને વધુ સલામત રીતે કેવી રીતે વાપરવી તે વિશે ખાસ માહિતી મેળવવી જરૂરી છે.

**૩.૧ ગર્ભપાતની કાયદેસરતા :**




જ્યારે કોઇ સ્ત્રીને વણજોઇતી સગર્ભાવસ્થા આવે છે, ત્યારે તેને ગર્ભપાત કરાવવાની જરૂર પડે છે. જો ગર્ભપાત કરાવવાનું કાયદેસર હોય તો એ ઘણી સારી વાત છે. કારણકે તેનાથી કોઇ પણ સ્ત્રી તેને માટે દવાખાનામાં જઇ શકે છે અને ગર્ભપાત કરાવી શકે છે. તબીબી રીતે ગર્ભપાત થવાથી કોઇ પણ સ્ત્રી વધારાની માંદગી કે મુશ્કેલીઓમાંથી બચી જાય છે.

આપણા દેશમાં નીચેના કારણસર ગર્ભપાત કરાવી શકાય છે.

- ✸ જો સ્ત્રી પર બળાત્કાર થયો હોય કે તે જાતીય હિંસાનો ભોગ બની હોય.
- ✸ જો ડૉક્ટર કહેતા હોય કે સગર્ભાવસ્થઆ ચાલુ રહેવાથી આ સ્ત્રીને જીવનું જોખમ કે સ્વાસ્થ્યનું ગંભીર નુકસાન છે.
- ✸ કુટુંબ નિયોજનનું સાધન વાપરતા હતા પણ તે નિષ્ફળ ગયું છે.

ઘણીવાર તબીબો અને આરોગ્ય સેવાઓ ચલાવનારને એ ખબર નથી હોતી કે કયા સંજોગોમાં ગર્ભપાત કરાવી શકાય છે. તેથી સ્ત્રીઓ સહેલાઇથી ગર્ભપાત કરાવી શકતી નથી. કેટલીકવાર પરંપરાગત વિચારધારાને કારણે સ્ત્રીઓની વાત માનવા માટે આરોગ્ય સેવા ચલાવનારા લોકો તૈયાર નથી થતા, તો ક્યારેક સ્ત્રીઓ ડરને કારણે આ સેવાઓ સુધી પહોંચી શકતી નથી. માહિતીનો અભાવ અને બિનઅનુભવ આ સેવાઓને લોકભોગ્ય બનતી અટકાવે છે.



**ગેરકાયદેસર ગર્ભપાત :**

જો ગર્ભપાત ગેરકાયદેસર રીતે કરાવશો તો તે કરનાર અને કરાવનાર બન્નેની ધરપકડ થઇ શકે છે અને તેને કાયદાકીય રીતે શિક્ષા ભોગવવાની આવે છે. જે જગ્યાએ ગર્ભપાત ગેરકાયદેસર

હોય છે તે જગ્યાએ બિનસલામત ગર્ભપાતથી મરનાર/બિમાર થનાર સ્ત્રીઓની સંખ્યા વણજોઇતી સગર્ભાવસ્થાથી મરનાર/બિમાર થનાર સ્ત્રીઓ કરતાં વધુ છે. બિનસલામત ગર્ભપાત કરાવનાર સ્ત્રીઓને સાજી કરવામાં વ્યક્તિગત સ્ત્રીને/તેના કુટુંબને ઘણો ખર્ચ કરવો પડે છે. તેને કારણે સામાજિક રીતે પણ સ્ત્રીને ખૂબ સહન કરવું પડે છે.

આપણા દેશમાં અંતરિયાળ વિસ્તારોમાં સ્ત્રીઓને તબીબી ગર્ભપાતની માહિતી નથી હોતી કે તે સેવાઓ તેમના ગામથી ઘણે દૂર હોય છે. તેથી તેઓ તેનો ઉપયોગ નથી કરી શકતા. ખાનગી દવાખાનાઓમાં આ સેવા ખર્ચાળ હોવાથી પણ સ્ત્રીઓ તેનો ઉપયોગ કરી શકતી નથી. વળી, કેટલીકવાર ડૉક્ટર અને અન્ય આરોગ્ય કર્મચારીઓનું આ બાબત માનસિક વલણ ખરાબ હોવાથી ગર્ભપાતની સેવા લેવા જનાર સ્ત્રીને અપમાન અને હીનતા ભોગવવી પડે છે. તેથી પણ બહેનો આ સેવાનો ઉપયોગ નથી કરી શકતી. વળી, આપણા સમાજમાં ગર્ભપાત કરાવનારી સ્ત્રી અપમાનિત થાય છે. તેથી ગર્ભપાતની સેવાઓ લેવા માટે સ્ત્રીઓ આગળ આવતી નથી.




**૩.૨ ગર્ભપાત કરાવવાનો નિર્ણય :**

જ્યારે તમે ગર્ભપાત કરવાનો નિર્ણય કરો છો ત્યારે વિચાર કરો કે ગર્ભપાત કરવાથી કે બાળક રાખવાથી તમારી ઉપર કેવી અસર પડશે. નીચેના મુદ્દા ધ્યાનમાં લેવા જોઇએ.




- ગર્ભપાત નહીં કરાવો તો બાળક ઉછેરવા માટે તમારી પાસે સમય અને નાણાં છે કે નહિ કે પછી ગર્ભ ચાલુ રાખવાથી તમારે કોઇ અનિચ્છનીય સામાજિક પરિસ્થિતિમાં મૂકાવું પડશે કે કેમ તેનો વિચાર કરો તથા તે અંગે માનસિક તૈયારી કરો.
- સગર્ભાવસ્થા તમારે માટે સ્વાસ્થ્યનું જોખમ વધારે છે કે કેમ.
- તમારા પતિ વધુ એક બાળકનો બોજો ઉપાડવા તૈયાર છે કે નહિ.
- તમારા પતિ સાથે ગર્ભપાતના નિર્ણયની ચર્ચા કરી શકશો કે નહિ.

* તમારો ધર્મ કે તમારું કુટુંબ ગર્ભપાતની વિરુદ્ધ હશે તો તેમને કેવી લાગણી થશે. તે અંગે તમારૂ વલણ શું હશે તેનો વિચાર જરૂર કરો.
* તમારા ઘરની નજીકમાં અથવા તમે પહોંચી શકો તેટલા અંતરે ગર્ભપાતની સેવાઓ છે કે નહિ.
* ગર્ભપાતથી કોઇ વધારાના શારીરિક પ્રશ્નો થાય તેમ છે કે નહિ. તે પરિસ્થિતિને પહોંચી વળવા તમારી પાસે પૂરતા નાણાની સગવડ છે કે નહીં.
* કોઇ પણ વધુ મુશ્કેલી ઉભી થાય તો તમે બીજા કયા દવાખાને જઇ શકશો અથવા ત્યારે તમને કોણ મદદ કરે તેમ છે.
* તમને કેટલા માસથી સગર્ભાવસ્થા છે ?
* તમને કોઇ જાતીય રોગ છે કે કેમ. જો જાતીય રોગ હશે તો પહેલાં તેની દવા કરાવવી પડશે અને પછી ગર્ભપાત કરાવી શકાશે.
* જે દવાખાનામાં તમે ગર્ભપાત કરાવવાના છો તેમાં કેવી સગવડો છે. ત્યાં બરાબર ચોખ્ખાઇ રાખવામાં આવે છે કે નહિ ત્યાંના કર્મચારીઓ તમારી વાત તમે ઇચ્છો છો તે મુજબ ખાનગી રાખી શકશે કે કેમ ?




**ગર્ભપાત સલામત રીતે થશે કે નહિ : તે નક્કી કરવા નીચેના મુદ્દા ધ્યાન પર લેવા.**

* જે દવાખાને ગર્ભપાતમાં સ્ત્રીઓ ખૂબ માંદી થતી હોય કે મરણ પામી હોય ત્યાં ન જવું.
* તાલીમ પામેલ ડૉક્ટર ગર્ભપાત કરવાના હશે તો બરાબર છે. આપણા દેશમાં નર્સ કે અન્ય કાર્યકરોને ગર્ભપાત કરવાની છૂટ નથી.
* ગર્ભપાત કરવાનો છે તે રૂમ ચોખ્ખો દેખાય છે કે નહિ તેની ખાત્રી કરો.



સલામત



બિનસલામત

* ગર્ભપાતના સાધનો જંતુરહિત કરવામાં ના આવતા હોય તો ત્યાં ન જશો.
* ગર્ભપાત માટે કેટલા પૈસા થશે ? બહુ વધારે પૈસા લેતા કેન્દ્રો પર ના જવું.
* જે કેન્દ્ર પર સ્ત્રી સ્વાસ્થ્ય માટે અન્ય સેવાઓ આપવામાં આવતી હોય તો તે કેન્દ્ર સારું છે.
* જો મોટી મુશ્કેલી થાય તો તમને તત્કાળ સેવા માટે ક્યાં લઇ જશે તે જાણી લો.

## ૪.૦ ગર્ભપાત દરમ્યાન શું થશે ?

આરોગ્ય કેન્દ્ર પર (એસ્પીરેશનથી) કે હોસ્પિટલમાં (ડી એન્ડ સીથી) ગર્ભપાત કરવામાં આવે છે.


જ્યારે તમે આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ગર્ભપાત માટે જાઓ છો ત્યારે ખરેખર તો ત્યાંના કાર્યકરોની ફરજ છે કે તેઓ તમારી સાથે પ્રેમાળ વર્તન રાખે, પરંતુ ઘણીવાર આવું નથી હોતું. તમે તેઓના ખરાબ વર્તન અંગે વિરોધ ઉઠાવી શકો છો.

ડૉક્ટર કે નર્સ તમને ગર્ભપાતની આડઅસરો કે અન્ય જોખમો વિશે સમજાવશે. તમારે માટે ભવિષ્યમાં કયા ગર્ભનિરોધ વાપરવા જરૂરી છે તે અંગે પણ ચર્ચા કરશે અને તમે ઇચ્છો તો તેઓ તે તમને આપશે. આપણે ત્યાં મોટેભાગે બધા દવાખાનામાં ગર્ભપાત કર્યા પછી તેઓ તમને કોપર ટી મૂકાવી લેવા માટે દબાણ કરશે જ. તમારો હક્ક છે કે તમારે તે ના મુકાવવી હોય તો તમે ના કહી શકો છો. તમે તમારી ઇચ્છા પ્રમાણે ગર્ભનિરોધનું સાધન વાપરી શકો છો. સાધન વાપરવું તમારા હિતમાં પણ છે કારણકે સાધન નહીં વાપરો તો ફરી ગર્ભ રહી શકે છે.

* તેઓ તમને છેલ્લી માસિકની તારીખ વિશે પૂછશે ત્યાર બાદ યોનિમાર્ગે તપાસ કરશે.
* તમને કેવી રીતે ગર્ભપાત કરવામાં આવશે તેની માહિતી આપશે.
* જો તમને જાતીય રોગ હશે તો તેની સારવાર લઇ લેવાની સલાહ આપશે.
* ગર્ભપાત કરશે ત્યારે નીચેના પેઢુમાં દુઃખાવો થશે. પણ તે પ્રક્રિયા પૂરી થયા બાદ દુઃખાવો ઓછો થઇ જશે.
* છેલ્લે તમારા જનનાંગો બરાબર સાફ કરીને તમને આરામ કરવાનું કહેશે.



* એક કલાક પછી નર્સ કે ડૉક્ટર તમને તપાસીને ઘરે જવાની રજા આપશે.



ઘરે ગયા પછી કઇ વાતનું ધ્યાન રાખવાનું તે પણ સમજાવશે.

* તેઓ એકાદ અઠવાડિયા પછી તમને ફરી દવાખાને બોલાવશે. સામાન્ય રીતે બધાને આ રીતે જ કરવામાં આવતું હોય છે. તમારી સાથે આથી જુદું કંઇક થાય તો તમે બીજા કેન્દ્રમાં દાખલ થવાનું પસંદ કરો.
* ગર્ભપાત પછી એકાદ બે અઠવાડિયા સુધી લોહી પડવું ચાલુ રહી શકે છે.
* ગર્ભપાતથી કેટલીક બેનો માનસિક આઘાતની લાગણી અનુભવે છે. આ કુદરતી છે છતાં તેના પર ઝડપથી કાબૂ મેળવવો જરૂરી છે.

## ૫.૦ ગર્ભપાત બાદ શું થશે ?

ગર્ભપાત પછીનું સામાન્ય માસિક ૪-૬ અઠવાડિયે આવે છે. પણ તમને ૧૦-૧૧ દિવસ બાદ પણ ગર્ભ રહી શકે છે. તેથી ગર્ભનિરોધક સાધન વાપરવાનું ચાલુ કરી દેવું.



ગર્ભપાત પછી ૧૦૦ મિગ્રા ડોકસીસાઇકલીન દિવસમાં બે વાર પાંચ દિવસ સુધી લઇ શકાય છે. પણ તમને બાળકધાવણું હોય તો એમોકસીસીલીન ૫૦૦ મિગ્રા દિવસમાં ૩ વાર લેવી જોઇએ. તેનાથી ચેપ થતો અટકે છે. લોહી પડવાનું બંધ થાય તે પછીના બે દિવસ સુધી સંભોગ ના કરવો કે યોનિમાં કશું નાંખવું નહીં. જો દુઃખાવો ચાલુ રહે તો પેરાસીટિમોલ કે આઇબુપ્રોફેન ગોળી લેવી. બને તેટલું પ્રવાહી વધારે પીવાથી ફાયદો થાય છે. પેઢુ પર હળવું માલિસ કે ગરમ પાણીનો શેક કરવાથી સારું લાગશે. એકાદ દિવસમાં તો તમે તમારી રોજિંદી પ્રવૃત્તિઓ કરી શકશો.

ગર્ભપાત કરાવવા જાઓ ત્યારે પતિનું નામ આપવું જરૂરી નથી. છતાંય પરંપરાગત રિવાજને લીધે દવાખાનામાં તેઓ પૂછશે. તમે ઇચ્છો તો તે બાબત ના કહી શકો છો. જો તમે ૧૮ વર્ષથી મોટાં હશો તો સાથે કોઇને લઇ જવું જરૂરી નથી. છતાં એક હિતેચ્છુ કે સગાને જોડે રાખવા સારા. તેથી તમને પણ માનસિક રાહત રહે છે, તથા ગર્ભપાતમાં કોઇ અન્ય મુશ્કેલી ઊભી થાય તો તેઓ મદદરૂપ બની શકે છે. ૧૮ વર્ષથી નાની છોકરીઓએ વાલી તરીકે કોઇને પોતાની સાથે લઇ જવા જોઇએ. ગર્ભપાતની સંમતિ માટે એક ફોર્મ પર સહી કરવી જરૂરી છે.

## ૬.૦ ગર્ભપાત બાદની તકલીફો

જો ✸ તમને ખૂબ વધારે લોહી પડે. ✸ ખૂબ તાવ આવે

✸ ખૂબ દુઃખાવો થાય ✸ યોનિમાંથી વાસ મારતું પાણી કે રસી જેવું પડે

✸ બેભાન થઇ જવાશે એવું લાગે કે મગજ બહેર મારી જાય.

તો તરત જ દવાખાને જવું. આ ગંભીર નિશાનીઓવાળી સ્ત્રીનું જીવન બચાવવા તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવી પડે. છતાં જો દવાખાનું ખૂબ દૂર હોય, આર્થિક વ્યવસ્થા થઇ શકે તેમ ના હોય, કે સમય-સંજોગોના આધારે સ્ત્રીને લઇ જઇ શકાય એમ ના હોય તો હવે પછીના સૂચનો ધ્યાનથી વાંચો.

### ૬.૧ ખૂબ લોહી પડવું :



યોનિમાર્ગે વધારે પડતું લોહી વહેતું હોય તો સ્ત્રીને દવાખાને જ પહોંચાડો. ગર્ભપાત વખતે ગર્ભાશયમાં રહી ગયેલા ગર્ભના ટુકડાઓને કારણે ગર્ભાશયનું સંપૂર્ણ સંકોચન થતું નથી અને ગર્ભદ્વાર પોલું રહે છે. તેથી લોહી પડયા કરે છે. જો કોઇ સ્ત્રીને આવું થાય તો ડી એન્ડ સી કે એસ્પીરેશન દ્વારા રહી ગયેલા ગર્ભના ટુકડા ખેંચી લેવામાં આવે છે. ગર્ભાશય પૂરેપૂરું ખાલી થશે તો જ ગર્ભદ્વાર બંધ થશે અને લોહી પડતું બંધ થશે. કોઇકવાર ગર્ભદ્વાર ફાટી જવાથી લોહી વહેતુ હોય તો ટાંકા લઇ તેને બંધ કરવું પડે.

જો કોઇ સ્ત્રીને ટીપે ટીપે લાલ-ચટ્ટક તાજું લોહી આવતું હોય અને તે બંધ ના થતું હોય તો આ એક ગંભીર બાબત છે. જો ૩૦ મિનિટમાં તેનું કપડું લોહીથી ભરાઇ જાય કે ટીપે ટીપે તાજું લોહી પડે તો તેની સારવાર તરત જ કરવી પડે નહીંતો સ્ત્રીને જીવનું જોખમ છે. જો સારવાર તાત્કાલિક મળે તેમ ના હોય તો નીચેની સારવાર આપો.

**લોહી પડતું બંધ કરવા માટે :**

પેઢુ પર હળવેથી માલિસ કરવાથી ઘણી વાર ગર્ભાશય ના સંકોચનથી લોહી વહેતુ બંધ થવામાં મદદ મળે છે. ગર્ભના રહી ગયેલા ટુકડા બહાર કાઢી નાંખવા સ્ત્રી ઊભડક બેસી સંડાસ કરતા હોય તેમ હળવેથી જોર કરે તો તે ટુકડા બહાર આવી જાય છે. કદાચ આવી સારવારથી લોહી બંધ થતું જણાય છતાં સ્ત્રીને હોસ્પિટલમાં લઇ જવી જરૂરી છે. ત્યાં સાધનોથી તેનું ગર્ભાશય બરાબર ખાલી કરાવવાનું કામ સારી રીતે થઇ શકે છે.


**ખૂબ લોહી પડતું હોય ત્યારે તત્કાળ મદદ :**

સ્ત્રીની યોનિતપાસ માટે તાલીમ લીધેલા આરોગ્ય કાર્યકર કે નર્સ બેનો આટલું કરી શકે : જ્યારે ગર્ભદ્વાર ખુલ્લું હોય ત્યારે બહારની કોઇ વસ્તુ યોનિમાં નાંખવી નહીં તેનાથી ચેપ લાગવાની સંભાવના પૂરી છે.





૧. તમારા હાથ બરાબર સાબુ-પાણીથી ધોઇ નાંખો.

૨. સ્ત્રીના નીચેના અંગ પણ સાબુ-પાણીથી ધોઇ નાંખો. ચોખ્ખું જંતુરહિત મોજું હોય તો તે પહેરી લો. મોજું પહેર્યા પછી હાથબીજે ક્યાંય લાગવો જોઇએ નહિ. પ્લાસ્ટિકની એકદમ ચોખ્ખી કોથળીનો પણ ઉપયોગ કરી શકાય છે.




૩. સ્ત્રીને જમીન પર ચત્તા સૂઇ બંને પગ ગોઠણેથી વાળી છૂટા રાખવા કહો.







૪. જો તમારી પાસે જંતુરહિત કરેલ સ્પેક્યુલમ હોય તો તે યોનિમાં મૂકી ગર્ભદ્વાર જુઓ. જો કોઇ લોહીના ગઠ્ઠા કે ગર્ભના ટુકડા દેખાય તો તેમને હળવેથી બહાર ખેંચી લેવા. તમારી પાસે ફોરસેપ (જંતુરહિત કરેલો) હોય તો તેનાથી પકડીને તે બહાર કાઢી લેવાય.

૫. જો તમારી પાસે સ્પેક્યુલમ ના હોય તો મોજું પહેરેલા હાથની પ્રથમ બે આંગળીઓથી ગર્ભદ્વારને સ્પર્શવાની કોશિશ કરો. પ્રથમ એક આંગળી યોનિમાં નાંખો. પછી બીજી આંગળી જવા દો. ગર્ભદ્વાર આકૃતિમાં બતાવ્યા જેવું લાગશે. તે સાધારણ સૂજી ગયું હશે તેથી સામાન્ય કરતાં વધુ લીસું અને કડક જણાય છે.




૬. ગર્ભદ્વારની આસપાસ લોહીના ગઠ્ઠા કે ગર્ભના ટુકડા જણાય તો ધીમે રહીને બહાર કાઢી નાંખો. પોચા માંસ જેવા આ ટુકડા ન નીકળી શકે તો જંતુરહિત કરેલ ચોખ્ખું ઝીણું કપડું કે પાટાનો ટુકડો તમારી આંગળી પર વીંટાળીને તે ટુકડા બહાર લઇ આવવાની કોશિશ કરો.





૭. ટુકડા કાઢી લીધા પછી ફરી આ રીતે તમારા બન્ને હાથની મદદથી ગર્ભાશયને હાથમાં લેતા હોય તેમ કરો. મોજા વગરના હાથથી પેઢુ પર હળવું માલીસ કરવું જેથી લોહી બંધ થવામાં મદદ મળે અને બે આંગળી ગર્ભદ્વાર પાસે રાખો.

૮. સ્ત્રીને અર્ગોમેટ્રીન (૦.૨ મિગ્રા.) નું ઇંજેકશન થાપામાં આપો. થોડીવાર પછી ૦.૨ મિગ્રાવાળી ગોળી આપો. અથવા ૦.૧ મિગ્રા. અર્ગોમેટ્રીનનું ઇંજેકશન દર ચાર કલાકે ૨૪ કલાક સુધી આપો. (એટલે કે છ ઇંજેકશન આપી શકાય.)

૯. ચેપ થવાની શકયતા પૂરી છે માટે એમોકસીસિલીન કે ડોકસીસાઇકલીન કેપ્સુલ આપો.



૧૦. જો તે જાગૃત હોય તો મોંએથી ખૂબ પ્રવાહી આપવાનું ચાલુ રાખો.

૧૧. સ્ત્રીને તરત હોસ્પિટલ લઇ જાઓ. બધું શાંત થતું લાગે તો પણ દવાખાને જઇ ડી એન્ડ સી કરાવી ગર્ભાશયને બરાબર ખાલી કરવું જરૂરી છે.

કોઇક સંજોગોમાં સ્ત્રી જાતે પણ ચોખ્ખા હાથકરી યોનિમાંથી ગર્ભદ્વારને અડકી શકે છે અને ઉપર મુજબ પ્રયત્ન કરી શકે છે. તો પણ દવાખાને ચોક્કસ જવું જોઇએ.



**ચેતવણી :**
ખૂબ લોહી પડવાથી દર્દી બેભાન બને છે અને જલ્દી દવાખાનાની સારવાર ના મળે તો મરી પણ જાય. માટે ઝડપથી કામ કરો.

### ૬.૨ શૉક (Shock) માં જવું :

શરીરમાંથી ખૂબ લોહી વહી જાય ત્યારે શરીરમાં ફરતા લોહીનું પ્રમાણ ખૂબ ઘટી જતાં જે કટોકટી ઉભી થાય તેને શૉક કહેવાય. આવા સમયે તાત્કાલિક સારવાર ન મળે તો જીવલેણ નીવડે. આ એક ગંભીર પરિસ્થિતિ છે.

દર્દીને ખૂબ લોહી વહી જાય ત્યારે તેને આવી નિશાનીઓ જણાય છે :




- ✸ હૃદયના ધબકારા વધી જાય, એક મિનિટમાં ૧૧૦ થી પણ વધુ થાય.
- ✸ તેની ચામડી ઠંડી અને ભીની પડી જાય.
- ✸ આંખના પોપચાં અને હથેળીઓ ફિક્કી પડે.
- ✸ શ્વાસનો દર એક મિનિટમાં ૩૦ થી વધી જાય.
- ✸ માનસિક ગૂંચવાડો જણાય કે તે બેભાન થઇ જવા લાગે.

**જો તે બેભાન ના હોય તો :**

- ✸ તે સ્ત્રીના પગ ઉંચા રાખી સૂવાડો.
- ✸ તેને ધાબળો ઓઢાડો.
- ✸ જો તે પી શકે તો જીવન જળ પીવડાવવા માંડો.
- ✸ તેને ચિંતા ન કરવા કહો.
- ✸ જો તમને બાટલા નસમાં ચઢાવતાં આવડતું હોય તો તેને નસમાં બાટલો ઝડપથી જવા દો, અથવા ગુદા વાટે પ્રવાહી આપવાની કોશિશ કરો.

**જો તે બેભાન થઇ ગઇ હોય તો :**

- ✸ સ્ત્રીને ખાટલામાં ચત્તી સુવાડો. ખાટલાનો માથા તરફનો ભાગ નીચો અને પગ તરફનો ભાગ ઊંચો રહે તે રીતે ખાટલો ગોઠવો. તેનું માથું શરીર કરતાં જરા ઉંચું રહે તેમ ગોઠવો.
- ✸ તેને ઉપર પ્રમાણે સૂવાડી તેનું માથું એક બાજુ ફેરવીને રાખો.
- ✸ જો તેની જીભ પાછળ પડી જતી હોય તો તેને પકડીને આગળ લાવો. જો તેને ઉલ્ટી થતી હોય તો બરાબર સાફ કરી નાંખો. તેનું માથું એકબાજુ રાખવાથી ઉલ્ટીનું પ્રવાહી તેની શ્વાસનળીમાં નહીં જાય અને તેના શ્વસનમાં અવરોધ ના કરે.





* એકાદ કલાક જાગૃત રહે પછી જ તેને મોં વાટે પ્રવાહી આપો.
* તમને આવડે તો બાટલો નસમાં ચઢાવો અને ઝડપથી પ્રવાહી જવા દો અથવા ગુદા વાટે ચઢાવો. કોઇની પણ રાહ જોયા વિના તેને દવાખાને લઇ જાઓ. નહીં તો તે મરી જશે.

**૬.૩ ગર્ભપાત પછી ચેપ લાગવો :**

૩ માસથી ઓછી સગર્ભાવસ્થાનો ગર્ભપાત કર્યો હોય તો સાધારણ ચેપ થાય છે. તેમાં એમોક્સિસીલીન કે ડોકસીસાઇકલીન આપવી. ૪૮ કલાકમાં તાવ ઓછો ના થાય તો દવાખાને જવું.

૩-૪ માસથી વધુ મોટો ગર્ભ પાડ્યો હોય તો ચેપ લોહીમાં ફેલાવાની સંભાવના વધુ છે. ગર્ભપાત વખતે ચોખ્ખાઇ ના રાખી હોય, સ્ત્રીને આગળથી જ ચેપ હોય, તેને અધૂરો ગર્ભપાત હોય કે ગર્ભાશયમાં કાણું પડ્યું હોય તો ચેપ થાય છે.

**ગંભીર ચેપ થયો હોય તો તેની નિશાનીઓ**



* ઠંડી-ધ્રુજારી સાથે ખૂબ તાવ આવે.
* પેઢુ કઠણ થઇ જાય, ફુલી જાય અને દુઃખાવો થાય.
* યોનિમાર્ગે વાસ મારે તેવું પ્રવાહી/રસી પડે છે.

  જો આવું કાંઇ પણ હોય તો તરત જ દવાખાને લઇ જાઓ.
* કળતર, થાક, અશક્તિ લાગે

આ નિશાનીઓ દેખાય તો તરત જ તબીબી સહાય મેળવો.

**દવાખાને લઇ જતા પહેલા નીચે મુજબ દવાઓ શરૂ કરાવી દો.**

| દવાનું નામ | કેટલી લેવી | ક્યારે અને કેવી રીતે લેવી. |
|---|---|---|
| એમોકસીસીલીન | ૩ ગ્રામ | બધી ગોળી સામટી (એક જ વાર) મોંએથી ગળી જવી. |
| ડોકસીસાઇકલીન | ૧૦૦ મિ.ગ્રા. | દિવસમાં બે વાર, દસ દિવસ સુધી મોંએથી ગળવી. |

દવા શરૂ કર્યાના ૪૮ કલાકમાં તાવ ના ઉતરે તો ફરી દવાખાને જવું જોઇએ.

**૬.૪ શરીરના અંદરના અંગોમાં ઘા પડ્યો હોય :**

ગર્ભપાતમાં વપરાયેલ ધારદાર સાધનોથી તેના શરીરમાં અંદરના અંગોમાં ઘા પડ્યો હોય - જેમ કે ગર્ભાશયમાં કાણું પડ્યું હોય, કે બીજનલિકા, આંતરડું કે મુત્રાશયમાં પણ ઘા થઇ ગયો હોય તો તેને શરીરની અંદર જ રક્તસ્ત્રાવ થાય છે. યોનિમાર્ગે લોહી આવતું નથી પણ લોહી નીકળીને પેઢુના પોલાણમાં એકઠું થવાથી તેનુ



- ✷ પેટ સખત થઇ જાય છે અને પેટ પર કાન રાખી સાંભળવાથી કાંઇ જ અવાજ સંભળાતો નથી.
- ✷ પેઢુમાં ખૂબ દુઃખાવો થાય, ચૂંક આવે, તાવ આવે, ઉલ્ટીઓ થાય, ઉબ્કા આવે કયારેક એક અથવા બન્ને ખભામાં દુઃખાવો થાય

**સારવાર :**

- ✷ આ સ્ત્રીને તરત જ દવાખાને લઇ જાઓ ઓપરેશન કરીને અંદરનો ઘા સીવી લેવો પડે નહીં તો તે મરી જશે.
- ✷ મોંથી કાંઇ પણ ખાવા-પીવાનું ના આપો.
- ✷ જો તે બેભાન થવા લાગે તો અગાઉ જણાવ્યા પ્રમાણે સારવાર ચાલુ કરો.
- ✷ ચેપની દવાઓ નસમાં ઇંજેકશનથી આપી શકતા હો તો આપો. એક ઇંજેકશન ધનુરની રસીનું પણ આપો.

## ૭.૦ બિનસલામત ગર્ભપાત અટકાવો :

તમે વ્યક્તિગત રીતે અથવા બેનોનું જૂથ બનાવી નીચેની પ્રવૃત્તિઓ યોજી શકો :



- ✷ ગર્ભ-નિરોધ પદ્ધતિઓની જાણકારી ફેલાવો.
- ✷ બિનસલામત ગર્ભપાતથી થતું નુકસાન સમજાવો.
- ✷ તમારા ગામમાં કોઇ ગર્ભપાત કરી આપતું હોય તો તે કેવી રીતે આ કામ કરે છે તેનો અભ્યાસ કરો. બિનસલામત અને જોખમી પદ્ધતિઓ હોવાથી તમારા ગામની અને આજુબાજુની સ્ત્રીઓનું જીવન જોખમમાં છે. તેને રોકવા પણ જરૂરી છે.

* બિનસલામત ગર્ભપાતને કારણે કોઇને તત્કાળ મદદની જરૂર પડે તો ક્યાં લઇ જઇ શકાય તે માહિતી રાખો અને ત્યાંનો સંપર્ક કરી રાખો.
* તમે આરોગ્ય રક્ષક હો તો તત્કાલ સારવાર મળી રહે અને સલામત ગર્ભપાતની સારી વ્યવસ્થા નજીકમાં મળે તે માટે સરકારી અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરો.
* જે સ્ત્રીઓને ગર્ભપાત કરાવવો હોય તેમને શાંતિથી માર્ગદર્શન આપો.
* દવાખાના સિવાય બહાર ગર્ભપાત કરનારની સામે કાયદેસર પગલાં લઇ શકાય છે. છતાં કાયદાનો ઉપયોગ ધાક જમાવવા માટે નહીં પણ બેનોના ભલા માટે થવો જોઇએ એ વાત ધ્યાનમાં રાખી સમજાવટથી અને સામાજિક દબાણથી આવા લોકોનો ધંધો બંધ કરાવો.

ટીંબીયા ગામની ચંપા સુરત કડિયાકામની મજૂરીએ ગઇ હતી. ત્યાં તેને પોતાના જ વિસ્તારના કાળુનો સંપર્ક થયો. બંને ખૂબ હળી ગયાં હતાં અને તેમનો સંબંધ ગાઢ થતો ગયો. એક દિવસ ચંપાને ખ્યાલ આવ્યો કે ત્રણ માસથી માસિક નથી આવ્યું. તે ગભરાઇને માતા પાસે પોતાના ગામ ગઇ. ગામમાં ગર્ભપાતની કોઇ સગવડ ન હતી. તેઓએ કાળુના માતા-પિતા સાથે લગ્ન માટે વાત ચલાવી પણ તેઓનું કુળ ઉંચું હોવાથી તેઓ આ લગ્ન માટે સહમત ના થયા. આખરે ગંગા દાયણ પાસે ચંપાને સોટુ મૂકાવવું પડ્યું. દિવસે દિવસે ચંપા ખૂબ બિમાર થતી ગઇ. હવે તે ચાલી કે બેસી શકતી નહોતી અને પેઢાના દુઃખાવા સાથે તાવમાં સપડાઇ હતી. આ વાતની ખબર કોલેજમાં ભણતી સંગીતાને પડતાં તે એને તરત જ દવાખાને લઇ ગઇ. ત્યાં ડૉક્ટરે તેને ઓપરેશન કર્યું અને દવાથી તે સાજી તો થઇ પરંતુ ડૉક્ટરે જણાવ્યું કે તેના ગર્ભાશયમાં કાયમી નુકસાન થવાથી તે ક્યારેય ગર્ભધારણ નહીં કરી શકે. ચંપા ખૂબ દુઃખી થઇ. છતાં હિંમત ના હારી. તેણે ત્યાર પછી બીજી છોકરીઓને અને મોટી સ્ત્રીઓને આ અંગે જાગૃત રહેવાનું શીખવવા માંડ્યું.

